# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 23-08-2025 Day: Saturday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-પશ્ચિમ બંગાળ-બિહાર:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે સાંજે પશ્ચિમ બંગાળના કોલકાતામાં 5200 કરોડ રૂપિયાથી વધુની વિવિધ પરિયોજનાઓનું લોકાપર્ણ અને ખાતમુહૂર્ત કર્યું. તેમણે કહ્યું કે, કોલકાતા ભારતના ઇતિહાસ અને ભવિષ્ય બંનેમાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. એક સભાને સંબોધતા તેમણે જણાવ્યું કે, જેમ જેમ ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ આગળ વધી રહ્યું છે, તેમ તેમ દમદમ અને કોલકાતા મુખ્ય શહેરોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

તેમણે નોંધ્યું કે વર્ષ 2014 પહેલા, દેશમાં ફક્ત 250 કિલોમીટર મેટ્રોનાં રૂટ હતા, જે હવે 1,000 કિલોમીટરથી વધુનાં થયાં છે.

અગાઉ, બિહારના ગયા ખાતે 12 હજાર કરોડ રૂપિયાની બહુવિધ વિકાસ પરિયોજનાઓનું લોકાપર્ણ અને ખાતમુહૂર્ત કર્યા બાદ પ્રધાનમંત્રીએ કહ્યું કે, ઓપરેશન સિંદૂરે ભારતની સંરક્ષણ વ્યૂહરચનામાં એક નવી રેખા દોરી છે.

**------------------------------------------------------------------------------------------------**

## કેન્દ્ર સરકાર-ચિપ ડિઝાઈન :

કેન્દ્ર સરકારે દેશમાં સેમિકન્ડક્ટર ડિઝાઇન ક્ષમતાઓને પ્રોત્સાહન આપવા માટે 23 ચિપ ડિઝાઇન પરિયોજનાને મંજૂરી આપી છે.

આ પરિયોજના સર્વેલન્સ કેમેરા, એનર્જી મીટર, માઇક્રોપ્રોસેસર આઇપી અને નેટવર્કિંગ એપ્લિકેશન્સ માટે સ્વદેશી ચિપ્સ અને સિસ્ટમ ઓન ચિપ્સ વિકસાવશે. ઇલેક્ટ્રોનિક્સ અને

માહિતી ટેકનોલોજી મંત્રાલયે જણાવ્યું છે કે, ચિપ ડિઝાઇન પરિયોજના માટે 72 કંપનીને ઇલેક્ટ્રોનિક ડિઝાઇન ઓટોમેશન ઉપકરણ ઉપલબ્ધ કરાવાયાં.

---

## પ્રધાનમંત્રી-ગુજરાત મુલાકાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમની ગુજરાત મુલાકાત દરમિયાન આગામી 25 મી ઓગસ્ટે રાજયને ચૌદસો કરોડથી વધુની રેલવે પરિયોજનાની ભેટ આપશે. આ પ્રોજેક્ટ્સથી ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ, બનાસકાંઠા, ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામા કનેક્ટિવિટી, ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન મળશે અને રોજગારીની નવી તકો ઊભી થશે.

---

## મુખ્યમંત્રી-ગ્રામ પંચાયત:

રાજ્ય સરકારે એક સાથે બે હજાર 55 નવી ગ્રામ પંચાયતને પોતિકા પંચાયત ઘર નિર્માણ માટે 490 કરોડ રૂપિયાનું અનુદાન મંજૂર કર્યું. તેના થકી મોટા ભાગની ગ્રામ પંચાયત આ વર્ષે જ પોતાના મકાનોનું નિર્માણકાર્ય હાથ ધરી શકશે.

ગ્રામ પંચાયત ઘર કમ તલાટી—મંત્રી આવાસ યોજનામાં 100 ટકા સંતૃપ્તિ લાવવા અને ત્રિસ્તરની પંચાયતીરાજ વ્યવસ્થાના મહત્વના અને પાયાના એકમ એવી ગ્રામ પંચાયતોને પોતિકા પંચાયત ઘર ઉપલબ્ધ થાય તેવા હેતુથી આ મંજૂરી અપાઈ હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, 10 હજારથી વધુ વસતિ ધરાવતા ગામને 40 લાખ, પાંચથી 10 હજાર સુધીની વસતિ ધરાવતા ગામને 34 લાખ 83 હજાર અને પાંચ હજારથી ઓછી વસતિ ધરાવતા ગામને 25 લાખ રૂપિયાનું અનુદાન આવાસ બનાવવા અપાય છે.

---

## શ્રાવણમાસ પુર્ણાહુતિ:

પર્વો અને મેળાઓનો શ્રાવણ માસ આજે સમ્પન્ન થઈ રહ્યો છે. સમગ્ર માસ દરમ્યાન ધાર્મિક સામાજિક પ્રસંગો પર્વોથી વાતાવરણ ગાજતું રહ્યું હતું. આજે શ્રાવણી અમાસ નિમિતે ચાર પ્રહરની પૂજા, અભિષેક, હોમાત્મક લઘુરુદ્ર હવન, મહા આરતી સહિતના કાર્યક્રમો યોજાશે. જીલ્લા મથક ભુજમાં  સુરલભીટ,  માંડવી તાલુકામાં ગુંદિયાળી નજીક આવેલા ધ્રુબુડી તીર્થ સહિત જીલ્લાના  નાના મોટા દરેક શિવાલયો ખાતે ભક્તો શ્રધ્ધા પુર્વક ઉમટી પડશે તેમજ કેટલાક સ્થળે મેળા ભરાશે.

---

## ભુજ-રાષ્ટ્રીય અવકાશ દિવસ ઉજવણી:

આજે 23મી ઓગષ્ટના  રાષ્ટ્રીય અવકાશ દિવસની  ઉજવણી કરવામાં આવશે. 23 ઓગષ્ટ 2023ના ઈન્ડીયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઈઝેશન ઈસરોએ વિક્રમ લેન્ડરનું  ચંદ્ર પર સફળ લેન્ડીંગ કરી ઈતિહાસ રચ્યો હતો. આ દિવસની યાદમાં દર વર્ષે 23 ઓગષ્ટને રાષ્ટ્રીય અવકાશ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.  જીલ્લા મથક ભુજમાં  રિજનલ સાયન્સ સેન્ટર ખાતે  રાષ્ટ્રીય અવકાશ દિવસ નિમિતે વિવિધ જ્ઞાન વર્ધક સ્પર્ધાઓ અને  પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું.

---

## રાજ્ય-હવામાન આગાહી:

હવામાન વિભાગે આગામી 27 ઑગસ્ટ સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. દરમિયાન આજે જુનાગઢ, ગીરસોમનાથ, સાબરકાંઠા, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં અતિભારે વરસાદની સંભાવના છે. માછીમારોને પણ 26 તારીખ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. તેમજ રાજ્યના દરિયાકાંઠે ત્રણ નંબરનું સિગ્નલ લગાવાયું હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

---

## કચ્છ-વરસાદ:

કચ્છ જીલ્લામાં  વરસાદી માહોલ  યથાવત રહ્યો છે. ગઈકાલે જીલ્લાના 7 તાલુકામાં અડધાથી 3 ઈંચ જેટલો વરસાદ થયો હોવાના અહેવાલ છે. હવામાન વિભાગે  બંગાળની ખાડીમાં સર્જાનારી નવી વરસાદી સિસ્ટમની  અસર થી  આગામી  સપ્તાહમાં  છુટા છવાયા સ્થળઓએ  મધ્યમથી ભારે વરસાદ થવાની સંભાવના  દર્શાવી છે.

---

## કચ્છ-મુંદરા-સિંદુર સ્વાભિમાન યાત્રા:

અખંડ ભારત સ્વાભિમાન મંચ દ્વારા આયોજિત સિંદૂર સ્વાભિમાન યાત્રા - શહીદ રથનું મુંદરા ખાતે   રાષ્ટ્ર ભાવના  સાથે સ્વાગત કરાયું હતું.   નડાબેટથી શરૂ થયેલી અને દાંડી સુધી પહોંચતા શહીદ રથ સાથેની આ યાત્રાને શહેર ભાજપના પ્રમુખ અરાવિંદ પટેલ નગરપાલિકાના કારોબારી ચેરમેન ભોજરાજ ગઢવી સહિતના અગ્રણીઓ તેમજ નાગરિકો  ઉપસ્થિત રહ્યા હતા.

---